City Bhaskar , 29/09/2014

# પારુલ સેવાશ્રમ હોસ્પિટલમાં હાર્ટ ડેની ઉજવણી

CELEBRATION

સિટી રિપોર્ટર ▶ વડોદરા

પારુલ સેવાશ્રમ હોસ્પિટલ ખાતે વિશ્વ હૃદય રોગ દિનનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં લોકોને હૃદય રોગ વિશેની જાણકારી આપવામાં આવી હતી. આ નિમિત્તે આજે વિશ્વ હૃદયરોગ દિનનની ઉજવણી નિમિત્તે રવિવારે સવારે કમાટીબાગ ખાતે પણ પારુલ સેવાશ્રમ હોસ્પિટલના સ્ટુડન્ટ્સ અને પ્રાધ્યાપકો દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવી હતી. જેમાં કમાટીબાગમાં આવતા લોકોને હૃદય રોગ થવાના કારણો, તેના લક્ષણો અને આ રોગને કેવી રીતે દૂર રાખી શકાય તે વિશેનું નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વૉકર્સે પણ સ્ટુડન્ટ્સના આ પ્રયોગને વખાણ્યો હતો અને તેમાં સામેલ થયા હતા.

**Sandesh , 29/09/2014**

## આજે વર્લ્ડ હાર્ટ ડે: પારૂલ ઈન્સ્ટિટયૂટમાં અનોખી ઉજવણી

આવતીકાલે વર્લ્ડ હાર્ટ (વિશ્વ હૃદય) દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવનાર છે. ત્યારે આજે રવિવારે પારૂલ ઈન્સ્ટિટયૂટના ફિજીયોથેરાપીના વિદ્યાર્થીઓ દ્વારા કમાટીબાગ ખાતે ખાસ કાર્યક્રમ કરાયો હતો. જેમાં મોર્નિંગ વોર્કસને હૃદયને સ્વસ્થ રાખવાની વિવિધ કસરતો શિખવાડવામાં આવી હતી. પારૂલના વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ દરમિયાન લોકોમાં ફિજીયોથેરાપીની જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવતા હોય છે. ત્યારે આવતીકાલે વર્લ્ડ હાર્ટ ડેના દિવસે ખાસ સેમિનારનું આયોજન કરાયું છે. તે ઉપરાંત આજે વહેલી સવારથી જ ફિજીયોથેરાપીના વિદ્યાર્થીઓ કમાટીબાગ ખાતે આવી ગયાં હતાં અને મોર્નિંગ વોકર્સને કસરત કરાવતાં હતાં. જેમાં હૃદયની કસરતો શિખવાડી અનોખી ઉજવણી કરી હતી.